## સુરત શહેરમાં અલગ અલગ વિસ્તારમાંથી રીક્ષામાં મુસાફરો બેસાડી મોબાઈલ ચોરી કરતી ટોળકીને પકડી પાડતી ઉમરા પોલીસ.

સુરત શહેરના ઉમરા પો.સ્ટે. વિસ્તારમાં અ પડત ગુન્હાઓ શોધી કાઢવા અંગે ઉમરા પો.સ્ટે.ના પોલીસ માણસો અલગ અલગ ટીમો બનાવી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન પો.કો.સાગર લીલાભાઈ તથા અમીત ભુપતભાઈ નાઓને મળેલ બાતમી આધારે એસ.વી.એન.આઈ.ટી સર્કલ ખાતે આરોપી (૧)તલહાન ગુલામરસુલ મલેક ઉ.વ.૨૦ રહે. સુલતાનીયા જીમખાના ગુલઝાર એપા.ની સામે કોઝવે રોડ રાંદેર, સુરત તથા(૨) મોહંમદ એહસાનખાન આરીફખાન ઉ.વ.૨૬ રહે. ભરૂચીભાગળ રાંદેર, સુરત. મુળગામ-મીરજાપુર  જી-ફૈસાબાદ (યુ.પી) તથા (૩) મોહંમદ શકીલ રફીક શેખ ઉવ-૧૯ રહે. ઘર નં.૧૦૧, કબુતરખાના નદી કિનારે રાંદેર, સુરત નાઓને ચોરીના અલગ અલગ કંપનીના કુલ-૭ મોબાઈલ તથા એક ઓટો રીક્ષા સાથે મળી કુલ્લે કિ.રૂ. ૮૩,૫૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે તેમજ (૧) ઉમરા પો.સ્ટે. । ૫૨/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ (૨) કતારગામ પો.સ્ટે. । ૫૦/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુન્હાઓ વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.